આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના અભિયાન

# VISION AND MISSION

Vishv UMIYA Foundation

આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ

ISO 9001
CERTIFIED QUALITY MANAGEMENT SYSTEM - QMS
VISHV UMIYA FOUNDATION - AHMEDABAD



**શ્રી આર. પી. પટેલ**
**પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી**

Vishv UMIYA Foundation
Vishv Umiyadham Ahmedabad

# સંસ્થાની વિચારધારા અંતર્ગત પ્રમુખશ્રીના પ્રેરક વિચારો...

**આદરણીય ટ્રસ્ટીશ્રીઓ - દાતાશ્રીઓ - મિત્રો તેમજ મારા વહાલાં બંધુ - ભગિનીઓ**

**સર્વેને મારા જય ઉમિયા !!!**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી વૈશ્વિક સંસ્થા છે. જેનો ઉદ્ભવ જગતજનની મા ઉમિયાના આશીર્વાદ અને આદેશથી થયો છે અને તેથી ખૂબ જ ટૂંકા ગાળામાં સંસ્થાએ વિશ્વના ફલક ઉપર પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. વિશ્વભરમાં પથરાયેલા પાટીદારોના વૈશ્વિક સંગઠનના માધ્યમથી જગતજનની મા ઉમિયાની આસ્થાને ઉજાગર કરવાની કટિબદ્ધતા સાથે સનાતન ધર્મ, ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રહિતને કેન્દ્ર સ્થાને રાખીને સંસ્થા વૈશ્વિક સ્તરે ચોક્કસ વિચારધારા સાથે કાર્ય કરી રહેલ છે, જે માટે આપણે સૌ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

મિત્રો, આપણે જ્યારે સંસ્થાની વિચારધારાની વાત કરીએ ત્યારે સંસ્થાની વિચારધારા તેના કાર્યક્ષેત્ર અને તેની કાર્યપ્રણાલી બાબતે દરેકના મનમાં અનેક વિચારો ઉદ્ભવતા હોય છે જેનું સમાધાન ન થાય ત્યાં સુધી વ્યક્તિને સંસ્થા પ્રત્યે પ્રેમભાવ ઉજાગર થતો નથી અને એટલે જ દરેકના મનના વિચારોનું સમાધાન થાય તે અંતર્ગત સંસ્થાની વિચારધારાને ઊંડાણપૂર્વક સમજવી ખૂબ જ જરૂરી છે.

સંસ્થાની વિચારધારાની પરિપૂર્તિ માટે સ્વયમ્‌માં રહેલી શક્તિ અને ક્ષમતાનો સંપૂર્ણપણે ઉપયોગ થાય તો જ સામાજિક વિકાસની સફળતાના સોપાનો સર કરી શકાય. મને વિશ્વાસ છે કે, ઉપરોક્ત તમામ બાબતોને ઉજાગર કરીને આપણે સૌ પરમેશ્વરમાં શ્રધ્ધા અને પરસ્પરમાં અતૂટ વિશ્વાસ રાખીને સંસ્થા સાથે જોડાઈશું તો સશક્ત સમાજ થકી મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં સહયોગી બની શકીશું. આ અંતર્ગત નિઃસ્વાર્થપણે સેવા અને સમર્પણના ભાવથી સંસ્થાની ગરિમાને ઉજ્જવળ બનાવવા તેમજ સંગઠીત થવા તમામ સનાતની મિત્રોને સંસ્થા સાથે અર્થ - સમય - કૌશલ્ય - શબ્દ કે કોઈપણ પ્રકારના દાતા બનીને જોડાવા મારી નમ્ર અપીલ છે.

## : સંસ્થાની વિચારધારાના મહત્ત્વના આધાર બિંદુ :

❖ વિશ્વ ઉમિયાધામનું નિર્માણ (સામાજિક સશક્તિકરણ કેન્દ્ર)

❖ જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચા મંદિરનું નિર્માણ

❖ સામાજિક વૈશ્વિક સંગઠન

❖ સિવિલ એકેડેમી / સ્કીલ યુનિવર્સિટી / હોસ્ટેલ નિર્માણ

❖ અદ્યતન હોસ્પિટલ નિર્માણ - આરોગ્યિક સેવાઓ

❖ સ્પોર્ટ્સ & કલ્ચરલ કોમ્પલેક્ષ ભવનનું નિર્માણ

❖ સામાજિક / વ્યાપારિક સંબંધોનું વૈશ્વિક જોડાણ

❖ શિક્ષણ / આરોગ્ય / સામાજિક ક્ષેત્રે આર્થિક સહાય

❖ ઉમિયા અદાલત (સમાધાન પંચ)

❖ દેશ - વિદેશના મંદિરોનું વૈશ્વિક જોડાણ

❖ કૃષિ / મહેસૂલી / કાનૂની માર્ગદર્શન તેમજ કાઉન્સેલિંગ સેવા કેન્દ્ર

❖ ડિઝાસ્ટર મેનેજમેન્ટ

### • ❖ વિશ્વ ઉમિયાધામનું નિર્માણ (સામાજિક સશક્તિકરણ કેન્દ્ર) :

આધ્યાત્મિક ચેતના થકી રાષ્ટ્ર ચેતના અભિયાન અંતર્ગત અમદાવાદ (ગુજરાત) માં આશરે ૧૦૦ વીઘા જમીનમાં રૂા. ૨,૦૦૦ કરોડના સામાજિક નીધિ સહયોગથી આસ્થા - એકતા અને ઊર્જાના ધામ સમા વિશ્વ ઉમિયાધામનું નિર્માણ એ સંસ્થાની વિચારધારાની બુનિયાદ છે. જેમાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર કેન્દ્ર સ્થાને છે. વિશ્વભરમાં પથરાયેલા પાટીદારોના વૈશ્વિક સંગઠનના માધ્યમથી જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાની કટિબદ્ધતા સાથે મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કરવું એ સંસ્થાની પ્રાથમિકતા છે. પરંતુ, મંદિર આસ્થાનું વૈશ્વિક કેન્દ્ર તો બને જ અને તે ઉપરાંત એક સામાજિક સશક્તિકરણનું કેન્દ્ર બને તેવા બૃહદ અભિગમ સાથે સંસ્થા કાર્યરત છે.

## • ❖ જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચા મંદિરનું નિર્માણ :

મંદિરના નિર્માણની વાત જ્યારે પણ થાય છે ત્યારે કેટલાક બુદ્ધિજીવીઓને પ્રશ્ન થાય છે કે મંદિરોનું નિર્માણ શા માટે ? આટલો બધો ખર્ચ મંદિરો પાછળ શા માટે ? ત્યારે તેની સ્પષ્ટતા થવી ખૂબ જ જરૂરી છે.

મિત્રો, ભારતીય સંસ્કૃતિ સનાતન વૈદિક ધર્મને વરેલી છે. બ્રહ્માંડના સર્જન યુગથી શિવ અને શક્તિનું પ્રાગટ્ય છે. શક્તિ સ્વરૂપ એટલે મા પાર્વતી અને તેમનું બીજું નામ મા ઉમિયા છે અને આ શક્તિના નવ સ્વરૂપની નવરાત્રિમાં આરાધના કરવામાં આવે છે. વિશ્વમાં આવેલા ૫૧ શક્તિપીઠ મંદિરો પણ મા ઉમિયાના શ્રધ્ધા કેન્દ્રો છે. એટલે કે કોઈપણ ધર્મ કે સંપ્રદાયની આસ્થાના કેન્દ્રમાં શિવ-શક્તિ જ રહેલા છે અને એટલા માટે જ તેને જગતજનની કહેવામાં આવે છે.

આ શક્તિ અને આસ્થાના કેન્દ્રનું નિર્માણ એટલે મંદિરનું નિર્માણ. જેમાં આસ્થા ધરાવતા વ્યક્તિઓ એકત્ર થાય છે ત્યારે સંગઠીત શક્તિ પેદા થાય છે. જેમાંથી ઉદ્‌ભવતી ઊર્જા સામાજિક શક્તિનું સ્વરૂપ ધારણ કરે છે. જે આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના અભિયાન માટે આપણને પ્રેરિત કરે છે. કારણ કે તેના કેન્દ્રમાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્રહિત સમાવિષ્ટ છે.

કોઈપણ વ્યક્તિમાં રહેલી અગાઢ શક્તિઓ જ્યારે આધ્યાત્મિક ચેતનાથી ઉજાગર થાય છે ત્યારે તેનામાં અન્ય વ્યક્તિને મદદરૂપ થવાની ભાવના પેદા થાય છે અને આ પ્રકારના અનેક વ્યક્તિઓ મંદિરોના માધ્યમથી સંગઠીત થાય છે ત્યારે મંદિરો આસ્થાના કેન્દ્રો બને છે અને તેના થકી આ કેન્દ્રો શિક્ષણનું ધામ બને છે, આરોગ્યનું ધામ બને છે, સનાતનીઓની શક્તિનું ધામ બને છે. જે આપણી સંસ્કૃતિની પહેચાન બને છે. એટલે કે આધ્યાત્મિક ચેતના એજ સમાજવિકાસનો આધારસ્તંભ બને છે, માટે મંદિરોનું નિર્માણ આવશ્યક છે. મંદિરો આસ્થાના કેન્દ્રો તો છે જ, પરંતુ તે સાચા અર્થમાં સમાજ વિકાસના કેન્દ્રો બને તે પ્રકારની વિચારધારા સાથે આપણે જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કરી રહ્યા છીએ.

મંદિરો માત્ર પૂજા - અર્ચના કે ભજન - કિર્તન માટે જ છે એવી માન્યતા જે કોઈ ધરાવે છે તેમણે એ બાબત યાદ રાખવી જરૂરી છે કે સનાતન ધર્મમાં આસ્થા ધરાવનાર અનેક ભાવિક-ભક્તો જ્યારે મંદિરોમાં દર્શનાર્થે જાય છે ત્યારે ભગવાનના ચરણોમાં યથાશક્તિ દાન - દક્ષિણા અર્પણ કરતા હોય છે. જે દાનની રકમ દિન-પ્રતિદિન વધતી જાય છે અને તે રકમ સમાજના જરૂરિયાતમંદ પરિવારોના શિક્ષણ, આરોગ્ય, સુખાકારી, સલામતી અને યુવા - મહિલા સશક્તિકરણ માટે વપરાતી હોય છે. આ ઉપરાંત માનવસર્જિત કે કુદરતી હોનારતના સંજોગોમાં મંદિરો દ્વારા થતી કામગીરી તેમજ વિવિધ પ્રકારની સહાય જે તે અસરગ્રસ્ત લોકો માટે આશીર્વાદ રૂપ સાબિત થતી હોય છે.

ઉક્ત વાસ્તવિકતા અંતર્ગત મંદિરોના માધ્યમ થકી થતી કામગીરી પ્રવર્તમાન પરિસ્થિતિની આવશ્કયતા છે, માટે મંદિરોનું નિર્માણ જરૂરી છે. આ પ્રકારની રાષ્ટ્રીય અને સેવાકીય પ્રવૃત્તિ કરવામાં અગ્રેસર રહેતા મંદિરો પૈકી દેશ - વિદેશમાં આવેલા જગતજનની મા ઉમિયાના મંદિરો, દ્વાદશ જ્યોર્લિંગના મંદિરો, શક્તિપીઠના મંદિરો, વિવિધ જિનાલયો, બૌદ્ધ મંદિરો તેમજ તિરૂપતી બાલાજી ભગવાનનું મંદિર, સિદ્ધિ વિનાયક મંદિર - મુંબઈ, સુવર્ણમંદિર - અમૃતસર, પદ્મનાભ મંદિર - તિરૂવનંતપુરમ્, મિનાક્ષી મંદિર - મદુરાઈ, સ્વામિનારાયણ ભગવાનના મંદિરો તેમજ પૂજ્ય પાંડુરંગ દાદાની પ્રેરણાથી ચાલતી સ્વાધ્યાય પ્રવૃત્તિ અને તેના જેવી કાર્ય કરતી અનેક ધાર્મિક સંસ્થાઆની કામગીરી હંમેશાં પ્રશંસનીય અને ઉદાહરણીય બની રહી છે. આવા તમામ મંદિરો આસ્થાના કેન્દ્રબિંદુથી સેવાકીય પ્રવૃત્તિઓ કરીને સામાજિક સશક્તિકરણના કેન્દ્રો બની રહ્યા છે.

આધ્યાત્મિક ચેતના એ સામાજિક જીવનનો આધારસ્તંભ છે. તેને ઉજાગર કરવાના સંકલ્પ સાથે જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સામાજિક ક્રાંતિનું પ્રથમ પગથિયું છે. આધ્યાત્મિકતાના આધાર ઉપર થતી ધાર્મિક - સામાજિક પ્રવૃત્તિઓ મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં અહમ્ ભૂમિકા ભજવે છે અને તે અંતર્ગત શિક્ષણ, રોજગાર, આરોગ્ય, સ્પોર્ટ્સ, કલ્ચરલ, યુવા તેમજ મહિલા કેરિયર ડેવલપમેન્ટ સહિત જેવી અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રકલ્પો થકી વિવિધ ભવનોના નિર્માણ દ્વારા વિશ્વ ઉમિયાધામ આસ્થા - એકતા - ઊર્જા અને શક્તિનું ધામ બને તેવી વિચારધારા સાથે સંસ્થા હાલમાં સક્રિયપણે કાર્યરત છે.

## ❖ સામાજિક વૈશ્વિક સંગઠનની રચના :

વિશ્વભરમાં અનેકવિધ સંસ્થાઓના નિર્માણ થકી સામાજિક દાયિત્વની પૂર્તિમાં વિશેષ યોગદાન સાથે પાટીદાર સમાજ પોતાની આગવી સુઝ - સમજ અને કૌશલ્યથી દેશ - વિદેશમાં સુખી - સંપન્ન બન્યો છે. પ્રમાણિકતા, સાહસિકતા, પરોપકારિતા અને કઠોર પરિશ્રમ જેવા ચાર સ્તંભને પોતાનો જીવનમંત્ર બનાવીને વિશ્વભરમાં સફળતાના શિખરો સર કરવામા પાટીદાર સમાજ સમર્થ બન્યો છે, ત્યારે...

વિશ્વભરમાં પથરાયેલા પાટીદાર સમાજનું વૈશ્વિક સંગઠન સામાજિક વિકાસનું પ્લેટફોર્મ બની રહે તેવી વિચારધારા સાથે સંસ્થાનો ઉદ્‌ભવ થયેલ છે. પાટીદારોના ઈતિહાસમાં આ પ્રકારનો વિચાર એક નવી જ દિશા તરફની પહેલ છે. જે અઘરી છે પણ અશક્ય નથી અને હાલમાં ભારત, યુ.એસ.એ., કેનેડા, યુ.કે., ઓસ્ટ્રેલિયા અને આફ્રિકા એમ કુલ ૬ દેશમાં પાટીદાર સમાજનું વૈશ્વિક સંગઠન બનાવવામાં સંસ્થાએ સફળતા મેળવી છે.

## ❖ સિવિલ સર્વિસીસ એકેડેમી / સ્કીલ યુનિવર્સિટી - હોસ્ટેલનું નિર્માણ :

મંદિર એ આસ્થા અને શક્તિની ઉપાસનાનું કેન્દ્ર છે, પરંતુ તે સામાજિક શક્તિનું પણ કેન્દ્ર છે અને તેથી જ મંદિર સામાજિક વિકાસનું કેન્દ્ર બને તે અંતર્ગત યુવાવર્ગને શિક્ષણ - કેરિયર - સ્પોર્ટ્સ, રોજગાર ક્ષેત્રે તેમનામાં રહેલી શક્તિઓ અને હુન્નરને ઉજાગર કરવા મંદિરના માધ્યમથી મદદરૂપ થવાના અભિગમ સાથે વિવિધ ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની એકેડેમી શરૂ કરવાના સંકલ્પ સાથે સંસ્થાએ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ઈન્સ્ટીટ્યુટ ફોર સિવિલ સર્વિસીસ (VUFICS) શરૂ કરેલ છે.

સમાજની યુવાશક્તિ વહીવટીતંત્ર, પોલીસતંત્ર, ન્યાયતંત્ર અને મીડિયાતંત્ર જેવા વિવિધ ક્ષેત્રમાં પોતાનું કૌશલ્ય સિદ્ધ કરી શકે તે માટે સિવિલ સર્વિસીસ એકેડેમી ભવન અને વ્યાપાર તેમજ ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરવા માટે સ્કીલ યુનિવર્સિટી અને જરૂરી હોસ્ટેલોના નિર્માણ થકી યુવા - મહિલા સશક્તિકરણની અનેકવિધ પ્રવૃત્તિઓ કરવાની વિચારધારા સાથે સંસ્થા હાલમાં કાર્યરત છે.

## ❖ અદ્યતન હોસ્પિટલનું નિર્માણ - આરોગ્યિક સેવાઓ :

કોરોનાની બીજી લહેરમાં સંસ્થા દ્વારા હંગામી ધોરણે ઓક્સિજન સુવિધાસજ્જ ૧૨૦ બેડની કોરોના હોસ્પિટલ ફક્ત ૧૦ દિવસમાં શરૂ કરીને જે તે સમયે કોરોનાગ્રસ્ત દર્દીઓને રાહત દરે સેવાઓ આપીને સંસ્થાએ સામાજિક દાયિત્વના ભાગરૂપે ઉમદા કાર્ય કરેલ તે જ વિચારધારાને લઈને દેશના તજ્જ્ઞ તબીબો સાથે સંકલન કરીને અદ્યતન હોસ્પિટલનું નિર્માણ કરવાનો સંકલ્પ સંસ્થાએ કરેલ છે અને તે અંતર્ગત હાલમાં વિવિધ પ્રકારના મેડિકલ કેમ્પના આયોજન થકી જરૂરિયાતમંદ પરિવારોને રાહત દરે આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવા બાબતે સંસ્થા કાર્યરત છે.

## ❖ સ્પોર્ટ્સ & કલ્ચરલ કોમ્પલેક્ષ ભવનનું નિર્માણ :

આસ્થાનું કેન્દ્ર યુવાઓ માટે શક્તિનું કેન્દ્ર બને, યુવાનોને ગમતી પ્રવૃત્તિઓમાં મંદિરનું મહત્તમ યોગદાન રહે કે જેનાથી યુવાશક્તિમાં આધ્યાત્મિક ચેતના પ્રજ્વલિત થાય તેવા નવીન વિચાર સાથે તેમનામાં રહેલી શક્તિઓ ઉજાગર થાય અને વૈશ્વિક સ્તરે યુવાઓ પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે તેવા ઉચ્ચ ઉદ્દેશ સાથે વિશ્વ ઉમિયાધામમાં અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ભવનનું નિર્માણ અગ્રિમ ધોરણે કરવાની વિચારધારા સંસ્થાના મૂળ વિચારમાં રહેલી છે અને તેના ભાગરૂપે હાલમાં વિવિધ રમતોની હરિફાઈનું આયોજન સંસ્થાની યુવા ટીમ દ્વારા મોટા ફલક ઉપર દર વર્ષે બે વખત કરવામાં આવી રહેલ છે.

## ❖ સામાજિક / વ્યાપારિક સંબંધોનું વૈશ્વિક જોડાણ :

**મંદિરના માધ્યમથી લોકોમાં આધ્યાત્મની ભાવના પ્રજ્વલિત થાય, પરસ્પરમાં એકતાનો અહેસાસ થાય અને સ્વ તેમજ સમાજ અને રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવના સાથેની ઉર્જા પેદા થાય જે સામાજિક તેમજ વ્યાપારિક સંબંધોના વૈશ્વિક જોડાણમાં પરિવર્તિત થાય તે પ્રકારની વિચારધારા સાથે સંસ્થા હાલમાં કાર્યરત છે. જેના ભાગરૂપે વૈશ્વિક સંગઠનના માધ્યમથી સંસ્થાએ મેટ્રીમોનિયલ સર્વિસીસ અને લગ્ન સહાય યોજના શરૂ કરેલ છે, અને...**

**વ્યાપારિક સંબંધોના વૈશ્વિક જોડાણ માટે વિશ્વ ઉમિયા ઈન્ટરનેશનલ બિઝનેસ એન્ટરપ્રિન્યોર એન્ડ સોશિયલ નેટવર્ક (VIBES) ના માધ્યમથી બિઝનેસ પ્લેટફોર્મ શરૂ કરેલ છે, જે અંતર્ગત યુવા ઉદ્યોગ સાહસિકો ધંધા - રોજગારમાં એકબીજાના પૂરક બને અને વૈશ્વિક સ્તરે ધંધો - રોજગાર કરી શકે તેવી વ્યવસ્થા આસ્થાના કેન્દ્ર ઉપર હાલમાં ચાલી રહેલ છે. જેમાં ૫૦૦ થી અધિક યુવા એન્ટરપ્રિન્યોર જોડાયા છે.**

## ❖ શિક્ષણ / આરોગ્ય / સામાજિક ક્ષેત્રે આર્થિક સહાય :

**કુદરતની જેના ઉપર સવિશેષ કૃપા છે તેમની પાસેથી આર્થિક સહયોગ મેળવી, જે પરિવારોને જરૂર છે તેમને શિક્ષણ, રોજગાર, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે સન્માનપૂર્વક મદદરૂપ થવાનો ઉદ્દેશ સંસ્થાની વિચારધારામાં અગ્રિમ સ્થાને છે. આ યોજના અંતર્ગત શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર એવી પારૂલ યુનિવર્સિટી - વડોદરા, સાંકળચંદ યુનિવર્સિટી - વિસનગર, કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટી - કડી અને સ્વામિનારાયણ યુનિવર્સિટી - કલોલ તેમજ અન્ય ૨૦ જેટલી કોલેજોના સહયોગથી દર વર્ષે ૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓને તેમની ઈચ્છિત ફેકલ્ટીમાં નિઃશુલ્ક પ્રવેશ દ્વારા સંસ્થા આર્થિક રીતે સહયોગી બને છે, તે જ પ્રમાણે આરોગ્ય ક્ષેત્રે નિષ્ણાંત ડોકટરોના સહયોગથી રાહતદરે આરોગ્યની સારવાર અપાવવામાં સંસ્થા સહયોગી બને છે.**

## ❖ ઉમિયા અદાલત (સમાધાન પંચ) :

**સામાજિક તેમજ વ્યાપારિક વિવાદોને લઈને વગર વિચારે અહમ્‌ને પ્રાધાન્ય આપી કોર્ટ - કચેરીમાં જતો વર્ગ પણ સનાતન ધર્મમાં આસ્થા ધરાવતો હોય છે, ત્યારે તેનામાં રહેલી આસ્થા - શ્રધ્ધાને પ્રજ્વલિત કરી તેમના પ્રશ્નોનું સમાધાન જગતજનની મા ઉમિયાના દરબારમાં થાય તે પ્રકારની વ્યવસ્થા ઉમિયા અદાલતના માધ્યમથી સંસ્થાએ શરૂ કરેલ છે. આ વિચારધારાથી સંસ્થાએ અનેક પરિવારોના પારિવારિક - સામાજિક તેમજ વ્યાપારિક વિવાદોના ઉકેલમાં ઘણા સારા પરિણામો મેળવ્યા છે. જેનાથી સામાજિક એકતા વધારે મજબૂત બની છે.**

## ❖ દેશ - વિદેશના મંદિરોનું વૈશ્વિક જોડાણ :

**સનાતન ધર્મ, ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રહિતની વિચારધારા સાથે દેશ - વિદેશના જે મંદિરો આસ્થાના કેન્દ્ર થકી સામાજિક વિકાસમાં સકારાત્મક પરિણામો મેળવવામાં ભગવાનના કૃપાપાત્ર બન્યા છે તેવા દેશ - વિદેશના મંદિરો અને તેમના ટ્રસ્ટીઓ સાથેના વૈશ્વિક જોડાણ થકી પરસ્પર પ્રેમ અને સદ્ભાવની જ્યોત પ્રજ્વલિત થાય અને સનાતન ધર્મ પ્રત્યેની આસ્થા મજબૂત બને તેવી વિચારધારા સાથે સંસ્થા સક્રિયપણે કાર્ય કરી રહેલ છે.**

## ❖ કૃષિ / મહેસૂલી / કાનૂની માર્ગદર્શન તેમજ કાઉન્સેલિંગ સેવા કેન્દ્ર :

**જગતજનની મા ઉમિયા એ અન્નપૂર્ણા દેવી છે, ત્યારે તેની આસ્થા સાથે જોડાયેલા ખેડૂત વર્ગને સંસ્થાના સંગઠનના માધ્યમ થકી ગ્રામ્ય સ્તરે ખેતી - સિંચાઈ / મહેસૂલી / કાયદાકીય માર્ગદર્શન મળી રહે તે માટે તેમજ ખેડૂતોને ખેત પેદાશના ઊંચા ભાવ મળી શકે તે માટે ‘‘એગ્રીકલ્ચર પ્રોડક્ટ વેલ્યુ એડીશન માર્કેટ સિસ્ટમ’’ શરૂ કરવાની વિચારધારા સાથે સંસ્થા કાર્ય કરી રહેલ છે. જેનાથી ગ્રામ્ય સ્તરના સામાજિક જીવન ધોરણમાં બદલાવ લાવી શકાય.**

**આ ઉપરાંત સામાજિક / શૈક્ષણિક / આરોગ્યિક / વ્યાવસાયિક સમસ્યાઓ સંબંધિત જે લોકોના મગજમાં અજંપાભરી પરિસ્થિતિ સતત ચાલતી રહે છે અને તેના કારણે ડિપ્રેશનમાં આવીને આત્મહત્યા જેવાં જોખમી નિર્ણયો લઈને વ્યક્તિ પરિવારને મુશ્કેલીમાં મૂકે છે તેવા લોકોના વિચારોમાં બદલાવ લાવીને મદદરૂપ થવાની વિચારધારા સાથે નિષ્ણાત માનસશાસ્ત્રીઓ દ્વારા કાઉન્સેલિંગની સેવાઓ આપવામાં આવે છે.**

## ❖ ડિઝાસ્ટર મેનેજમેન્ટ :

**દેશના વિભિન્ન ભાગોમાં ઉદ્ભવતી આપાતકાલીન પરિસ્થિતિમાં તાત્કાલિક ધોરણે મદદરૂપ થઈ શકાય તે માટે યુવાનોની પ્રશિક્ષિત ડિઝાસ્ટર ટીમ તૈયાર કરવી અને જ્યાં જરૂર પડે ત્યાં સદર ટીમને મોકલીને અસરગ્રસ્તોને મદદરૂપ થવાનો અભિગમ સંસ્થાના મૂળ વિચારમાં રહેલો છે અને તે અંતર્ગત હાલમાં સંસ્થાની ડિઝાસ્ટર ટીમ આપાતકાલીન પરિસ્થિતિઓમાં સક્રિયપણે કાર્યરત છે.**

♦ ♦ ♦

> “અન્યને મદદ કરવા લંબાયેલ બે હાથ,
> પ્રાર્થના કરવા જોડાયેલ બે હાથ કરતાં વધુ સાર્થક છે.”
>
> - સ્વામી વિવેકાનંદ

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## દાતા કેટેગરી

## વિશ્વ ઉમિયાધામ - કેમ્પસ્ દાતા

| | | |
|---|---|---|
| મહાલક્ષ્મી દાતા | લક્ષ્મી દાતા | ગોલ્ડન કુબેર દાતા |
| કુબેર દાતા | ગોલ્ડન ભામાશા દાતા | ભામાશા દાતા |
| ગોલ્ડ ડાયમંડ દાતા | ડાયમંડ દાતા | ગોલ્ડ પ્લેટીનમ દાતા |
| પ્લેટીનમ દાતા | ગોલ્ડન દાતા | સિલ્વર દાતા |

**આજીવન સભ્ય - રૂા. ૧૧ લાખ** **શુભેચ્છક સભ્ય - રૂા. ૫ લાખ**

**સીટી મેમ્બર - રૂા. ૧ લાખ**

**ભૂમિદાન હૂંડી (દસ ચોરસ વાર) - રૂા. ૧,૧૧,૦૦૦**

**ભૂમિદાન હૂંડી (પાંચ ચોરસ વાર) - રૂા. ૫૫,૦૦૦** **ભૂમિદાન હૂંડી (એક ચો.વાર) - રૂા. ૧૧,૦૦૦**

**શિલાદાન હૂંડી (પ્રતિ શિલા) - રૂા. ૫,૦૦૦** **ઈંટદાન (પ્રતિ ઈંટ) - રૂા. ૧,૦૦૦**

## સંગઠનની વિચારધારા

કાયદો ન હોય પરંતુ વ્યવસ્થા હોય
કાનૂન ન હોય પરંતુ અનુશાસન હોય
શોષણ ન હોય પરંતુ પોષણ હોય
સંપર્ક ન હોય પરંતુ સંબંધ હોય
મિષ્ટાન ન હોય પરંતુ મહેનતની સુગંધ હોય
માલિક ન હોય પરંતુ સેવક હોય
રૂદન ન હોય પરંતુ હાસ્ય હોય
ગમ ન હોય પરંતુ પ્રફુલ્લિત મન હોય અને

સૂચના ન હોય પરંતુ સમજ હોય
ભય ન હોય પરંતુ ભરોસો હોય
આગ્રહ ન હોય પરંતુ આદર હોય
અર્પણ ન હોય પરંતુ સમર્પણ હોય
દેખાવ ન હોય પરંતુ દિલનો ભાવ હોય
અહંમ્ ન હોય પરંતુ વિવેક હોય
થકાન ન હોય પરંતુ તાજગી હોય
મન હોય તો માળવે જવાય

**સંગઠનનો આત્મા એટલે શિસ્ત, સંયમ, સેવા અને સમર્પણનો સંગમ.**

Vishv UMIYA Foundation



## આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાન



# વિશ્વ ઉમિયાધામ

"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

૧૦૦ વીઘા જમીન બે હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## જગતજનની મા ઉમિયાનું વિશ્વનું સૌથી ઊંચું ૫૦૪ ફૂટ મંદિર

### : <u>સંસ્થાની કાર્યરત પ્રવૃત્તિઓ</u>

- સ્કીલ યુનિવર્સિટી
- અદ્યતન હોસ્પિટલ
- સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ
- છાત્રાલય
- અદ્યતન ગેસ્ટ હાઉસ
- VUFICS Institute for Civil Services
- વૈશ્વિક સંગઠન
- ઉમાછત્ર
- ઉમા પ્રસાદમ્
- ઉમાસૃષ્ટિ
- ઉમા લગ્ન સંસ્કાર
- ઉમા સ્વાદમ્
- ઉમિયા અદાલત
- કાનૂની માર્ગદર્શન
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- નિઃશુલ્ક શિક્ષણ યોજના
- IELTS કોચિંગ સહાય
- વૃક્ષારોપણ અભિયાન
- યુથ કનેક્ટ
- ગ્લોબલ બિઝનેસ નેટવર્કિંગ
- Vibes - બિઝનેસ વીંગ
- VBN - બિઝનેસ નેટવર્કિંગ એપ
- VIBOS - પ્રિમીયમ બિઝનેસ વીંગ
- ગુજરાતી વિદ્યાર્થીઓને યુ.એસ.એ.-કેનેડામાં મદદ
- ધોરણ - ૧૨ પછી સિવિલ સર્વિસીસ ડિગ્રી પ્રોગ્રામ


<u>કાર્યાલય</u> :- ''વિશ્વ ઉમિયાધામ'' જાસપુર રોડ, વૈષ્ણોદેવી મંદિર સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧. Cell No. : + 91 72020 80333 / 222
email : contact@vuf.org I www.vuf.org I www.facebook.com/VishvUmiyaFoundation